અમદાવાદમાં રથયાત્રાને લઈને અભૂતપૂર્વ સલામતી વ્યવસ્થા ગોઠવાઈ

સંવેદનશીલ વિસ્તારમાં આરએએફ, બીએસએફ તેમજ પોલીસ જવાનો ગોઠવાયા : લોકોની હિલચાલ પર નજર

અમદાવાદ, તા.૨૪

રથયાત્રા આડે ગણતરીના દિવસો રહ્યા છે ત્યારે આને શાંતિપૂર્ણ રીતે પાર પાડવા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. રથયાત્રાને લઈને તમામ સંવેદનશીલ વિસ્તારોમાં આરએએફ, બીએસએફ અને સ્થાનિક પોલીસના જવાનો ગોઠવાઈ ચુકયા છે. રથયાત્રાને લઈને શ્રદ્ધાળુઓ પણ ખુબ જ ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. જમાલપુર જગન્નાથ મંદિરની યાત્રાને લઈને પ્રસાદની તૈયારી પણ હાથ ધરવામાં આવી છે.

૧૩૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર રથયાત્રા રૂટ પર ૭૦ સીસીટીવી કેમેરા પણ ગોઠવવામાં આવનાર છે. સીસીટીવી કેમેરા મારફતે તમામ લોકોની અવર જવર ઉપર બાજ નજર રાખવામાં આવશે. ૨૯મીએ રથયાત્રા યોજાનાર છે. ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા તથા ભાઈ બલરામ સામે નગરચર્યાએ નીકળશે. ભાવિ ભક્તોએ પોતાના ભગવાનની સવારીને વધારવા તમામ તૈયારીઓ કરી લીધી છે ત્યારે ગુજરાત પોલીસે પણ રથયાત્રામાં કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કમર કસી લીધી છે. રથયાત્રાના ઈતિહાસમાં પ્રથમવાર રથયાત્રા રૂટ પર પોલીસ સાથે ૭૦ સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવનાર છે.

પણ નજર રાખશે રાજસ્થાની રજવાડી ઠાઠ સાથે હવે ગણતરીના દિવસોમાં ભગવાન જગન્નાથ ભક્તોના હાલ પુછવા જશે ત્યારે ભગવાનની આ નગરચર્યા અને ભક્તોની ભક્તિમાં કોઈ વિઘ્ન ન આવે તે માટે પોલીસ સતર્ક બની છે અને એટલે જ ૧૩૭ વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર રથયાત્રા રૂટ પોલીસના ચાંપતા બંદોબસ્ત સાથે લોકોની હિલચાલ પર ૭૦ સીસીટીવી કેમેરા નજર રાખશે અને જેનો સંપૂર્ણ ખર્ચ સરકાર ભોગવશે. આ માટે સરકારે ત્રણ કંપનીઓને કોન્ટ્રાક્ટ પણ આપી દીધો છે. અને આ કંપનીઓએ અત્યાર સુધીમાં ૩૦ જેટલા કેમેરા પણ ફીટ કરી દીધા છે. તમામ સંવેદનશીલ જગ્યાઓ ઉપર સીસીટીવી કેમેરા ગોઠવવામાં આવનાર છે.

રથયાત્રા આડે થોડાક દિવસ રહ્યા છે ત્યારે રથયાત્રાને લઈને પ્રસાદની તૈયારી પણ હાથ ધરવામાં આવી ચુકી છે.

સાદા કાગળ પર અરજીની જોગવાઈ છતાં જુદા નિયમ

સત્તાધીશ આરટીઆઈની અરજી લેવા માટે નિયત ફોર્મમાં લખવા ફરજ પાડે છે : બિનઅસરકારક બનાવવા કાવતરું

અમદાવાદ, તા.૨૪

નાગરીકોના હથિયારસમા માહિતી અધિકારી કાયદાને બિનઅસરકારક બનાવવાનું તંત્ર દ્વારા અંદર ખાને ષડયંત્ર ચાલી રહ્યું છે. સત્તાધીશો દ્વારા આરટીઆઈ કાયદાની વિભાવનાને બદલવાની કોશિશ થઈ રહી છે. તંત્રના જુદા જુદા વિભાગો પોતાની સહુલીયત માટે આરટીઆઈ કાયાદમાં નવી વિભાગના ઉમેરી રહ્યા છે. વાત એમ છે કે આરટીઆઈ કાયદામાં અરજી કરવા બાબતે સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવી છે કે કોઈપણ અરજદાર આરટીઆઈની અરજી સાદા કાગળમાં કરી શકે છે. તેને કોઈ ચોક્કસ ફોર્મમાં અરજી કરવી જરૂરી નથી બીજુ સત્તાધીશો અરજદારોને નિયત ફોર્મમાં જ અરજી કરવી તેવી ફરજ પાડી ન શકે છતાં તંત્ર જુદા જુદા વિભાગો આરટીઆઈની અરજી કરવા આવતા અરજદારોની સાદા કાગળમાંની અરજી લેતા નથી અને તેઓને કાયદા વિરૂદ્ધ નિયત ફોર્મમાં અરજી લખી આપવા દબાણ કરે છે. જેમાં આરટીઆઈ કાયદા હેઠળ અરજદારને પ્રાપ્ત થયેલ અધિકારનો ભંગ થાય છે. બીજુ અરજદારોને ડબલ મહેનત કરી સત્તાધીશોના નિયત ફોર્મમાં અરજી લખી આપવી પડે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર ઝોન કચેરીમાં આવેલ સીટી સીવીક સેન્ટરમાં જે કોઈ અરજદાર આરટીઆઈની અરજી કરવા જાય છે ત્યારે સત્તાધીશો તેઓની સાદા કાગળ પર લખેલ અરજી સ્વીકારવાની ના પાડે છે અને કાયદા વિરૂદ્ધ નિયત ફોર્મમાં જ અરજી લખી આપવા દબાણ કરે છે.

આ અંગે આજરોજ આરટીઆઈ કરવા ગયેલા અરજદારે કાયદા વિરૂદ્ધની પદ્ધતિ અંગે પુછયું ત્યારે કચેરીના સ્ટાફે એવો પ્રત્યુતર આપ્યો કે અમને અમારા ઉપરી અધિકારીઓનો ઓર્ડર છે કે જે કોઈ અરજદાર આરટીઆઈની અરજી સાદા કાગળ પર લઈને આવે તો તમારે તેમને નિયત ફોર્મમાં જ અરજી લખવાની. આ ઘટના ઉપરથી એટલું ચોક્કસ કહી શકાય કે તંત્ર દ્વારા નાગરીકોના હથિયારસમા આરટીઆઈ કાયદાને બિનઅસરકારક બનાવવાના પ્રયત્નો થઈ રહ્યા છે સત્તાધીશો કાયદાથી પર જઈને પોતાની સહુલીયત માટે કાયદામાં સુધારા-વધારા કરી રામરાજ્ય ચલાવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આરટીઆઈ કાયદાને બિનઅસરકારક બનાવવામાં આમ પણ ગુજરાત સરકારે કોઈ વસ્તુ બાકી રાખી નથી. રાજ્યમાં આરટીઆઈનું મરણ થઈ રહ્યું છે અહીં વિદ્યાર્થીને શિષ્યવૃત્તિનું ફોર્મ લેવા માટે પણ આરટીઆઈ કરવી પડે છે.

ખોરજ નર્મદા કેનાલમાં ઝંપલાવી નવા વાડજના વેપારીએ જીવનલીલા સંકેલી

બે દિવસ બાદ દંતાલી નર્મદા કેનાલમાંથી કોહવાઈને વિકૃત થઇ ગયેલી હાલતમાં વેપારીનો મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર નજીકના ખોરજ પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાં સાંજના અરસામાં એક આધેડે કોઈ અગમ્ય કારણોસર છલાંગ લગાવી મૂકી છે. અમદાવાદના નવા વાડજ વિસ્તારના આ ૪૫ વર્ષીય આધેડની શોધખોળ બે દિવસથી ચાલી રહી હતી. દરમિયાન આજે તેમનો મૃતદેહ તણાતો તણાતો દંતાલી પહોંચી ગયો હતો અને ત્યાંથી મળી આવતા પોલીસ પહોંચી ગઈ હતી. આધેડ વેપારીએ કયા કારણોસર આપઘાત કર્યો તે બાબત હજુ બહાર આવી નથી. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી -માણે અમદાવાદના નવા વાડજ અંબિકા એપાર્ટમેન્ટ ખાતે રહેતા ૪૫ વર્ષીય સુરેશભાઈ રાયચંદભાઈ મિસ્ત્રી પ્લાસ્ટીકનો વ્યવસાય કરતા હતા. બે દિવસથી ઘરેથી લાપતા સુરેશભાઈનું બાઈક પણ ખોરજ કેનાલ પાસેથી મળી આવતા ફાયરબ્રિગેડ અને તરવૈયાઓ એ કેનાલમાં શોધખોળ ચલાવી હતી. જો કે મૃતદેહનો પત્તો લાગતો ન હતો. દરમિયાન આજે સવારના અરસામાં સુરેશભાઈનો મૃતદેહ પાણીમાં ફોગાઈને કોહવાઈ જવાથી વિકૃત થઈ ગયેલી હાલતમાં દંતાલી નર્મદા કેનાલમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ અંગે અડાલજ પોલીસને જાણ થતા પોલીસ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ મોકલી પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે. હજુ સુધી આપઘાતનું સચોટ કારણ બહાર આવી શક્યું નથી.

અમદાવાદ-ખેડા જિલ્લાના ૪૧ ગામને સિંચાઈનો લાભ

ફતેવાડી નહેરમાંથી અમદાવાદ જિલ્લાના ૧૧૧ ગામોના કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઇનો પુરતો લાભ મળશે

અમદાવાદ, તા.૨૪

અમદાવાદ સિંચાઈ વિભાગ દ્વારા ખારીકટ અને ફતેવાડી નહેરમાં ખરીફ ઋતુમાં ડાંગરના પાકના ધરૂ માટે પાણી છોડવામાં આવ્યું છે. જેથી ભાલ વિસ્તાર સહિત ધોલકા અને વિરમગામ તાલુકાના ખેડૂતોમાં આનંદની લાગણી વ્યાપી છે. નર્મદા મુખ્ય નહેરની દસ્કોઈ શાખામાંથી મેદરા ગામ પાસે આજે ખારીકટ નહેરમાં ડાંગરના ધરૂ માટે ખેડૂતોની ઉપસ્થિતિમાં પાણીનું વહન કરવામાં આવ્યું હતું.

આ પાણીથી ખારીકટ નહેરના ૧૦૨૦૦ હેક્ટરમાં સિંચાઈ કરવામાં આવે છે. જેનાથી અમદાવાદ અને ખેડા જિલ્લાના દસ્કોઈ, સીટી તેમજ ખેડા તાલુકાના ૪૧ ગામોને સિંચાઈનો લાભ મળશે. ફતેવાડી સિંચાઈ યોજના અંતર્ગત વાસણા બેરેજ ખાતેથી ફતેવાડી નહેરમાં આજે તા. ૨૫-૬-૨૦૧૪ના રોજ પાણી છોડવામાં આવશે. જેનો અમદાવાદ જિલ્લાના દસ્કોઈ, બાવળા, સાણંદ, ધોળકા અને વિરમગામ તાલુકાના ૧૧૧ ગામોના ૩૩૬૦૦ હેક્ટરના કમાન્ડ વિસ્તારમાં ખેડૂતોને સિંચાઈનો લાભ મળશે. ખારીકટ અને ફતેવાડી નહેરમાં પાણી છોડતા ખેડૂતો ડાંગરના ધરૂવાડિયાનું વાવેતર કરી શકશે એમ કાર્યપાલક ઈજનેર, અમદાવાદ સિંચાઈ વિભાગની યાદીમાં જણાવાયું છે.

ઈમ્પેક્ટ-ફીના પૂરાવાના અભાવે અરજી નામંજુર

અમદાવાદ, તા.૨૪

તાજેતરમાં મળેલ ટાઉન પ્લાનીંગ તથા એસ્ટેટ મેનેજમેન્ટ કમીટીની મીટીંગમાં ગ્રુડા (ઈમ્પેક્ટ ફી) અંગેના વિવિધ મુદ્દાઓ અંગે ચર્ચા થઈ હતી. ગ્રુડા ૨૦૧૧ અન્વયે થયેલ આવેલ અરજીઓના ઝડપી નીકાલ માટે તંત્ર દ્વારા ભરવામાં આવેલ પગલાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

અમદાવાદ શહેરમાં ઘણી બધી રહેણાંક સોસાયટીઓમાંથી ગ્રુડા ૨૦૧૧ અન્વયે ઈમ્પેક્ટ ફી ભરીને પોતાના અનધિકૃત મકાનો કાયદેસર કરાવવા માટે અરજી કરેલ છે. આ અરજીઓ સંબંધે અધુરી / પુરાવા વગરની અરજીઓ અન્વયે ગ્રુડા સેલમાંથી જાવક આવવામાં આવેલ છે આ જાવકમાં મુખ્યત્વે લીફટ એનઓસી ફાયર એનઓસી, સહકારી / ખાનગી જમીન અંગેના પૂરાવો, વાંધા અરજી સુનાવણી હાઉસીંગ બોર્ડે એનઓસી વગેરે છે જો પુરતા પુરાવા નહીં હોય તો ઈમ્પેક્ટ ફીના અપૂરતાં પુરાવાના અભાવે અરજી નામંજુર કરવામાં આવશે. વધુમાં ડિટેઈલ પ્લાન બનાવવામાં અનઅધિકૃત વિકાસ નિયમિત કરવાની ઈચ્છા હોય તેમણે જે તે ઝોનના નગર વિકાસ ખાતાની કચેરીના ગ્રુડા સેલનો સંપર્ક કરી ત્યાંના અધિકારીનો સંપર્ક કરતા જરૂરી માર્ગદર્શન મળી શકશે.

વિભાગો દ્વારા કામગીરી અંગે સાહિત્ય તૈયાર કરાયું

ગાંધીનગર, તા. ૨૪

અંદાજપત્ર પરની ચર્ચામાં ધારાસભ્યો ભાગ લઈને વિચારો રજુ કરી શકે તે માટે વિભાગો દ્વારા સાહિત્ય તૈયાર કરી દેવામાં આવ્યું છે અને આ સાહિત્ય ધારાસભ્યોને આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી ૧લી જુલાઈથી વિધાનસભાના અંદાજપત્ર સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સત્રના પ્રમથ દિને જ રાજ્યના નાણામંત્રી દ્વારા રાજ્યનું વર્ષ ૨૦૧૪-૧૫ માટેનું અંદાજપત્ર રજુ કરવામાં આવનાર છે.

અંદાજપત્ર પર ચાર દિવસ ચર્ચા હાથ ધરવામાં આવે છે. આ ચર્ચા દરમ્યાન ધારાસભ્યો ચર્ચામાં ભાગ લઈ પોતાના વિચારો રજુ કરી શકે તે માટે રાજ્યના વિવિધ વિભાગો દ્વારા અત્યાર સુધી કરવામાં આવેલી કામગીરી અને રાજ્ય સરકારે મેળવેલી સિદ્ધિઓની વિગતો સાથેનું સાહિત્ય દરેક વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ભાજપના ધારાસભ્યોને વિભાગો દ્વારા તૈયાર કરવામાં આવેલ સાહિત્ય આપવામાં આવનાર છે. દરેક વિભાગો દ્વારા હાલમાં સાહિત્ય દંડકના કાર્યાલયમાં સુપ્રત કરી દેવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

પ્રાપ્ત વિગતો મુજબ આ સાહિત્યનો અભ્યાસ કરીને ધારાસભ્યો ચર્ચામાં પોતાના વિચારો રજુ કરી શકે તે માટે આ સાહિત્ય પુરૂ પાડવામાં આવતું હોવાનું જાણવા મળે છે.

મહિલા વ્યવસાયિક માટે લોન પ્રક્રિયા સરળ કરાશે

અમદાવાદ, તા.૨૪

ભારતીય મહિલા બેંક લિમિટેડ અને ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ મહિલા કર્મચારીઓના ઉદેશને આગળ વધારવા અને તેમની નાણાંકીય આવશ્યકતાઓને સંતોષવા કરાર કર્યો છે. જે મુજબ એકબીજાની સેવાઓનો ઉપયોગ, ટેકનોલોજી, આધુનિકરણ, માર્કેટીંગ, વૈવિધ્યકરણ, સંયુક્ત સાહસ વગેરે માટે કામ કરશે.

અમદાવાદમાં ભારતીય મહિલા બેંકના ચેરપર્સન અને એમડી ઉષા અનંત સુબ્રમણિયન અને જીસીસીઆઈ બીડબલ્યુડબલ્યુ (બિઝનેસ વુમન વિંગ)ના અધ્યક્ષ વીણા પરીખે આ કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. કરાર મુજબ ભારતીય મહિલા બેંક અને જીસીસીઆઈ-બીડબલ્યુડબલ્યુની કારોબારી મહિલા શાખા સંયુક્ત રીતે બીડબલ્યુડબલ્યુ-જીસીસીઆઈના સભ્યોને નાણાંકીય સહાયતા પ્રાપ્ત થઈ શકે તે માટે વર્કશોપનું આયોજન કરશે. બીએમબી જીસીસીઆઈ-બીડબલ્યુડબલ્યુના સભ્યોને પાંચ લાખથી ઓછી રકમની લોન માટે એક સરળ આવેદન પ્રક્રિયા તૈયાર કરશે.

શબ્દાવલી - ૫૪૨૯



આડી ચાવી

૧. તાજ પહેરવાની-ગાદીએ બેસવાની ક્રિયા (૪)
૪. પાયલ, ઝાંઝર (૩)
૫. બિચારું, દયનીય (૩)
૭. પાણી ગરમ કરવાનું યાંત્રિક સાધન (૩)
૮. બાળક જન્મે કે તરત ગોળ-ઘીના પાણીનો પહેલો ખોરાક અપાય તે (૪)
૧૦. ચણતરમાંથી પોપડું પડે તો... પડ્યું કહેવાય (૨)
૧૧. સારા લક્ષણ ન હોય તેવી સ્ત્રીને... કહેવાય (૫)
૧૩. ગેડ, સળ (૨)
૧૪. કુટેવ, આદત (૨)
૧૫. ... ના મરચા વણખાય(૩)
૧૬. કાર્ય, કામ (૨)
૧૭. કાગળનો હિન્દી શબ્દ આડોઅવળો થયો છે (૩)
૧૮. કાતરીયા ખાવા, ગુસ્સા ભરી નજરે જોવું (૪)

ઊભી ચાવી

૧. તેજી, સ્ફૂર્તિ (૩)
૨. ફતેહ, ત્રણ પાસાની રમતમાં છ-છ અને એક એમ તેર દાણાનો દાવ (૩)
૩. મોટું વહાણ (૨)
૬. ડમરું, એક વાય (૪)
૯. ખુબ થીગડાવાળુ (૬)
૧૦. પાશ્ચાત્ય સંગીતનો એક પ્રકાર(૫)
૧૧. ઊભરાતું કે... (૪)
૧૨. ... ડ, 'ડ' ઉમેરીએ તો પાનખર ઋતુ અર્થ થાય (૪)
૧૩. જરૂરીયાત, ખપ, જરૂર(૩)
૧૫. ગરમ થવું, દાઝવું તાપમાં... (૩)

શબ્દાવલી ૫૪૨૮ના જવાબ

આડી ચાવી :- (૧) ગુલફામ (૩) કજાત (૬) કપલીન (૭) લખલૂટ (૧૦) રૂષિ (૧૧) પાઉ (૧૩) મહાત (૧૫) તલસાટ (૧૭) સભાનતા (૧૮) કોરડ (૧૯) વડા (૨૦) તરત

ઊભી ચાવી :- (૧) ગુરૂર (૨) ફાજલ (૩) કપટ (૪) જાલી (૫) તન (૬) કલૂષિત (૮) ખરૂ (૯) મહાભારત (૧૧) પાસા (૧૨) ઉટપટાંગ (૧૩) મસકો (૧૪) તનડર (૧૬) લપડાક

ગાંધી આશ્રમ ખાતે સફાઈ ઝુંબેશનું આયોજન કરાયું

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, પશ્ચિમ ઝોન હેલ્થ વિભાગ દ્વારા તા. ૨૪-૬-૧૪ના રોજ સવારે ગાંધી આશ્રમ ખાતે સફાઈ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું, જેના ભાગરૂપે ગાંધી આશ્રમ ખાતે આવેલ નગર પ્રાથમિક સમિતિની પ્રાથમિક શાળાની લોક ભાગીદારીથી સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં સફાઈ કામ, માટી કામ, બ્રશીગ કામ કરી આદર્શ સફાઈ કામ કરાવવામાં આવ્યું હતું. તેમજ નકામી માટી કચરો વિગેરે ટ્રેક્ટર દ્વારા ભરાવી ઇદર્શસફાઈ કરાવી જંતુનાશક દવાઓનો છંટકાવ કરાવવામાં આવ્યો અને શાળાના બાળકોને સફાઈ જાળવવા અંગે અને પ્લાસ્ટીકનો ઉપયોગ નહી કરવા અંગે સમજણ આપી.

સ્વજલધારા કાર્યક્રમ
જળ અને સ્વચ્છતા સમિતિ - ઢેઢાલ, તાલુકો-ડીસા

ઢેઢાસ મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો પાણી સમિતિ ઢેઢાલ દ્વારા તા. ૨૬/૬/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૩/૭/૨૦૧૪ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ-ઢેઢાલ તાલુકો ડીસાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

અ.નં.	કામનું નામ	૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી
૧	ઢેઢાલ તાલુકો : ડીસા સ્વજલધારા યોજના	૧) ૪,૬૯,૪૩૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૨	ઢેઢાલ તાલુકો : ડીસા સ્વજલધારા યોજના હેઠળ જમીન તળની ટાંકી અને હવાડા નંગ-૨નું કામ.	૧) રૂ. ૩,૬૪,૮૭૩.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર

ક્રમાંક : નામાનિ/પાલન/૧૦૩/૨૦૧૪-૧૫

સ્વજલધારા કાર્યક્રમ
જળ અને સ્વચ્છતા સમિતિ - છત્રાલા, તાલુકો-ડીસા

છત્રાલા મુકામે સ્વજલધારા યોજના હેઠળ નીચે મુજબના કામો માટેના ભાવો માન્ય કોન્ટ્રાક્ટરો પાસેથી માંગવામાં આવે છે. કામની કુલ અંદાજીત કામની સામે દર્શાવેલ છે. કોરા ટેન્ડરો પાણી સમિતિ છત્રાલા દ્વારા તા. ૧૭/૬/૨૦૧૪ સુધીમાં જરૂરી ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન નકલ, રાષ્ટ્રીયકૃત બેંકનું સોલવંશી પ્રમાણપત્ર આપવાથી ઈસ્યુ કરવામાં આવશે અને ભાવ ભરી રજી.પો.એ.ડી.થી તા. ૪/૭/૨૦૧૪ સુધીમાં જળ અને સ્વચ્છતા સમિતિ-છત્રાલા તાલુકો ડીસાને પરત મોકલવાના રહેશે. કરેલ કામગીરીનું ૯૦% ચુકવણું પાણી સમિતિ દ્વારા કરવામાં આવશે. બાકી રહેલ ૧૦% રકમનું ઓડીટ બાદ ચુકવણું કરવામાં આવશે. માહિતી ખાતાની વેબસાઈટ www.statetenders.com

અ.નં.	કામનું નામ	૧) અંદાજીત રકમ ૨) ટેન્ડર ફી રૂ. ૩) શ્રેણી
૧	છત્રાલા તાલુકોઃડીસા સ્વજલધારા યોજના હેઠળ પાઈપલાઈનનું કામ.	૧) રૂ. ૪,૮૨,૬૬૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૨	છત્રાલા તાલુકોઃડીસા સ્વજલધારા યોજના હેઠળ હવાડા, પંપીંગ મશીનરી અને પંપરૂમનું કામ	૧) રૂ. ૩,૮૩,૮૯૯.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર
૩.	છત્રાલા તાલુકો : ડીસા સ્વજલધારા યોજના હેઠળ ભૂગર્ભ સંપનું કામ.	૧) રૂ. ૪,૯૦,૦૦૦.૦૦ ૨) રૂ. ૬૦૦.૦૦ ૩) ઈ-૨ ક્લાસ તથા ઉપર

ક્રમાંક : નામાનિ/પાલન/૧૦૭/૨૦૧૪-૧૫

વરસાદ તો પૂરતો થશે જ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

હોવો જોઈએ જે ચિહ્નો જણાતાં નથી આથી વિજળી થાય તો વરસાદ થાય અને ઈશાની વિજળી થાય તો વરસાદ સારો થાય. સવારે ઝાકળી વાદળો આવતા બંધ થાય તો પછી વરસાદ મંડાણ કરે. સૂર્યના અસ્ત થયા પછી આકાશી વરાળ સિંદૂરીયા રંગની દેખાય અને રાત્રે કાગડાઓ બોલતા નથી એટલે વરસાદ ગયો ગણાય નહીં. એટલે ધીરે ધીરે ભેજ વધે અને જુલાઈમાં અષાઢ સુદમાં દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદના યોગો રહે. કોઈ કોઈ ભાગોમાં ભારે વરસાદના યોગો રહે. તા. ૨૯ જૂન સુધીમાં ચોમાસું સક્રિય બને.

ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ બોર્ડ
બ્લોક નં.૧૮, ૮ અને ૯મો માળ, ઉદ્યોગ ભવન, ગાંધીનગર

જાહેરાત

અત્રેની કચેરી ખાતે એકઠો થયેલ ભંગાર જેમાં વુડન ટેબલ, કબાટ, ઈલેક્ટ્રીક ફીટીંગની નાની-મોટી વસ્તુઓ તેમજ લોખંડની પટ્ટીઓનો સમાવેશ થાય છે. આ તમામ વસ્તુઓનો નિકાલ કરવાનો થાય છે અને તે માટે ભાવ મંગાવવામાં આવે છે. રસ ધરાવતી વ્યક્તિઓએ તેઓના ભાવ સીલબંધ કવરમાં ઉપરોક્ત સરનામે તા. ૨/૭/૨૦૧૪ને બુધવાર સુધીમાં (રજાના દિવસ સિવાય) કચેરી સમય દરમિયાન મોકલી આપવાના રહેશે. આ ભંગાર જોવા માટે કચેરી ખાતે સીનીયર મેનેજર (એડમીન)નો સંપર્ક કરવો (રજાના દિવસ સિવાય) કોઈપણ ભાવો સ્વીકારવાની કે તમામ ભાવો રદ કરવાની સત્તા જનરલ મેનેજરશ્રીની રહેશે.

જનરલ મેનેજર
જી.આઈ.ડી.બી.

મહિલા અનામત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દાયિત્વ જ પોલીસ વર્ધીની ઈજ્જત અને આદર વધારશે. આનંદીબેન પટેલે ગુજરાતે પોલીસ અને પ્રજા વચ્ચે સુરક્ષા રક્ષાનો મિત્રતાનો સેતુ બાંધ્યો છે તેની ભૂમિકા આપી જણાવ્યું કે પોલીસદળ નાગરીક સલામતી માટેની સર્વાધિક ક્ષમતા ધરાવે છે. એવા વિશ્વાસનું સંરવ્દન નવપ્રશિક્ષિત આ જવાનો પણ કરશે. ગુજરાત પોલીસદળમાં ટેકનોસેવી પોસ્ટ ગ્રેજ્યુએટ અને ગ્રેજ્યુએટ યુવાશક્તિ છેક પાયાના કેડરમાં જોડાઈ છે તે આધુનિક યુગમાં ગુનાખોરી અને સાયબર ક્રાઈમના વધતા પડકારોને પહોંચી વળશે અને ગુજરાત પોલીસનું ગૌરવ વધારશે તેમ મુખ્યમંત્રીએ શ્રધ્ધાપૂર્વક જણાવ્યું હતું.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
બ્લોક નં.૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન / ફેક્સ નં. ૨૩૨ ૪૯૦૧૭, ૨૩૨ ૪૯૦૧૮

સત્તામંડળ વિસ્તારમાં ટી.પી. સ્કીમના જાહેર રસ્તા ખુલ્લા કરવા બાબત.

સરકારશ્રી દ્વારા ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની મંજુર કરેલ મુસદારૂપ નગર રચના યોજનાઓ ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૧૦, ૧૧-બી, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨ મંજુર કરવામાં આવેલ છે. સરકારશ્રી દ્વારા મુસદારૂપ નગર રચના યોજના મંજુર કર્યા બાદ કાયદાની જોગવાઈ અન્વયે કરવાની થતી કામગીરી મુજબ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ સદર નગર રચના યોજનાઓમાં સમાવિષ્ટ જમીન માલિકોને ટી.પી. રોડ ખુલ્લા કરવા માટેની નોટીસોની કામગીરી પૂર્ણ કરેલ છે. સદરહુ કામગીરી મુજબ પાઠવેલ નોટીસ અન્વયે જે તે જમીન માલિકોએ ટી.પી. રોડનો ખુલ્લો કબજો સોંપવાનો રહે છે. ટી. પી. રોડ ખુલ્લા થતાં માળખાકીય સુવિધાઓનો જેવી કે રસ્તા, ગટર, પીવાનું પાણી, લાઈટ વગેરેનો લાભ ટી. પી. વિસ્તારમાં મળી રહે અને રોડ-રસ્તાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાય.

આમ છતાં જે કોઈને પણ નોટીસ મળેલ ન હોય અથવા સદર બાબતે વધુ સમજ મેળવવી હોય તો તેઓશ્રીએ ગુડા કચેરીમાં બપોરે ૩-૦૦ થી ૫-૦૦ કલાક (રજાના દિવસો સિવાય)માં જુનિયર ટાઉન પ્લાનરશ્રીનો સંપર્ક કરવા વિનંતી છે.

આમ સમગ્ર પણે સત્તામંડળ વિસ્તારની નગર રચના યોજનામાં હિત ધરાવનાર જાહેર જનતાને ટી. પી. રોડ ખુલ્લા કરી સત્તામંડળની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા મદદરૂપ થવા જાણ સારૂ આ અપિલ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

નં. ગુડા/તાંત્રિક/ /૨૦૧૪ — મુખ્ય કારોબારી અધિકારી
તા. — ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ
માહિતી/૪૯૧/૧૪-૧૫ — ગાંધીનગર